1. **વિધાન (A): સામાન્ય ગાળણ પેપર વડે કલીલ દ્રાવણને ગાળતા કલિલ કણો તેમાંથી પસાર થઈ શકતી નથી.**

**કારણ (R): સામાન્ય ગાળણ પેપરના છિદ્રો કલીલ કણો કરતા કદમાં મોટા હોય છે.**

(A) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપે છે.

(B) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપતું નથી.

(C) વિધાન (A) સાચુ છે, પણ કારણ (R) ખોટું છે.

(D) વિધાન (A) અને કારણ (R) બંને ખોટા છે.

**જવાબ** (C) વિધાન (A) સાચુ છે, પણ કારણ (R) ખોટું છે.

➠ સામાન્ય ગાળણ પેપર વડે કલીલ દ્રાવણને ગાળતા કલીલ કણો તેમાંથી પસાર થઈ શકતા નથી. કારણ કે ગાળણ પેપરના છિદ્રોનું કદ કલીલ ઘટકોના કદ કરતા નાનું હોય છે.

2. **વિધાન (A): કલીલ દ્રાવણો સંખ્યાત્મક ગુણધર્મ દશવિ છે.**

**કારણ (R): કલીલ ઘટકકણોના કદ પ્રમાણમાં મોટા હોય છે.**

(A) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપે છે.

(B) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપતું નથી.

(C) વિધાન (A) સાચુ છે, પણ કારણ (R) ખોટું છે.

(D) વિધાન (A) અને કારણ (R) બંને ખોટા છે.

**જવાબ** (B) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપતું નથી.

3. **વિધાન (A): કલીલ દ્રાવણ બ્રાઉનીયન ગતિ દર્શાવતું નથી.**

**કારણ (R): બ્રાઉનીયન ગતિ કલીલ સોલની સ્થાયિતા માટે જવાબદાર છે.**

(A) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપે છે.

(B) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપતું નથી.

(C) વિધાન (A) સાચુ છે, પણ કારણ (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે, જ્યારે કારણ (R) સાચું છે.

**જવાબ** (D) વિધાન (A) ખોટું છે, જ્યારે કારણ (R) સાચું છે.

4. **વિધાન (A): $Al^{+3}$ ની સ્કંદન શક્તિ $Na^{+}$ કરતા વધારે હોય છે.**

**કારણ (R): ઉમેરેલા ઉર્ણીતકર્તા આયનની સંયોજકતા જેટલી વધારે તેટલી વધારે અવક્ષેપન કરવાની શક્તિ (હાર્ડી-શુળ્ઝ નિયમ).**

(A) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપે છે.

(B) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપતું નથી.

(C) વિધાન (A) સાચુ છે, પણ કારણ (R) ખોટું છે.

(D) વિધાન (A) અને કારણ (R) બંને ખોટા છે.

**જવાબ** (A) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપે છે.

5. **વિધાન (A): ડિટરજન્ટ ક્રાંતિક મિસેલ સાંદ્રતા કરતા નીચી સાંદ્રતાએ વાપરવું વધારે સસ્તું પડે છે.**

**કારણ (R) : ડિટરજન્ટની સફાઈ પ્રક્રિયામાં મિસેલની રચના થાય છે. આવું ત્યારે બને છે, જ્યારે તેની સાંદ્રતા ક્રાંતિક મિસેલ સાંદ્રતા જેટલી બને છે.**

(A) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપે છે.

(B) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપતું નથી.

(C) વિધાન (A) સાચુ છે, પણ કારણ (R) ખોટું છે.

(D) વિધાન (A) અને કારણ (R) બંને ખોટા છે.

**જવાબ** (A) વિધાન (A) તથા કારણ (R) બંને સાચા છે અને કારણ (R) એ વિધાન (A)ની યોગ્ય સમજૂતી આપે છે.